


## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CGST ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે GST અવેરનેશ મિટીંગનું આયોજન કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CGST ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે "Conducting for Revocation of GST Registration" અંગે તા.૧૩-૯-૨૦૨૧ ના રોજ મિટીંગ યોજવામાં આવેલ. જેમા ખાસ CGST ડિવી.૧ ના આસી.કમિશ્નરશ્રી રાજુ જેટલી, ડિવી-૨ ના આસી. કમિશ્નરશ્રી નિરંજનસિંઘ તથા સુપ્રીટેન્ડન્ટ શ્રી જે. કે. જોશી, શ્રી બી. બી. સિંઘ તથા શ્રી રાહુલ દવે તેમજ રાજકોટ ચેમ્બરના જોઈન્ટ સેક્રેટરીશ્રી કિશોરભાઈ રૂપાપરા, કારોબારી સભ્યશ્રી વિનોદભાઈ કાછડીયા તથા નિલેશભાઈ ભાલાણી ઉપસ્થિત રહેલ.

મિટીંગમાં ઉપસ્થીત આસી. કમિશ્નરશ્રી રાજુ જેટલી દ્વારા "Conducting for Revocation of GST Registration" અંગે વિસ્તૃત જાણકારી આપતા ખાસ સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ નોટીફીકેશન નં.૩૩/૨૦૨૧ અંતર્ગત GST એમ્નેસ્ટી સ્કીમ હેઠળ જુલાઈ ૨૦૧૭ થી એપ્રિલ ૨૦૨૧ સુધીના GSTR-3B ફાઈલ કરવાની સમય મર્યાદા તા.૩૦-૯-૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. તેમજ નોટીફીકેશન નં.૩૪/૨૦૨૧ અંતર્ગત કલમ-૨૯(૨) હેઠળ જો કરદાતાઓ ૧, માર્ચ ૨૦૨૦ થી ૩૧, ઓગષ્ટ-૨૦૨૧ ની વચ્ચે આવતા હોય તો GST નોંધણી રદ કરવા માટેની સમય મર્યાદા તા.૩૦-૯-૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. તે અંગે પાવર પોઈન્ટ પ્રોઝન્ટેશનથી સરળભાષામાં વિસ્તૃત જાણકારી આપેલ. મિટીંગના અંતે ઉપસ્થિત અધિકારીઓ તથા સભ્યોનું આભાર દર્શન શ્રી વિનોદભાઈ કાછડીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.